PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૩/ક્વા-૦૪/૨૦૨૩-૨૪/ ૩૫૦-૩ તારીખ : ૦૮ - ૦૨ - ૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી જયેશભાઈ મનહરલાલ રૂપારેલીયા

૧૧/૧૩ લાતીપ્લોટ કોર્નર, જામનગર ટ્રાન્સપોર્ટ પાસે,કુવાડવા રોડ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૩

મોબાઈલ : ૮૭૨૦૧૫૬૪૭૧૪

વિષય : ફોલ્ટી મીટરના બીલ અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૫-૦૧-૨૦૨૪.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૩/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, આજી-૨ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ


પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૩/ક્વા-૪/૨૩-૨૪/ ૬૬૦ -૩ તા. ૦૪ - ૦૨ - ૨૫

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૦૩/ક્વા-૪/૨૩-૨૪, તા.૦૬-૦૧-૨૦૨૪

| | |
|---|---|
| અરજદાર | : શ્રી જયેશભાઈ મનહરલાલ રૂપારેલીયા, ગામ : રાજકોટ |
| રજૂઆત કરનાર | : અરજદારશ્રી જયેશભાઈ મનહરલાલ રૂપારેલીયા અને તેમની સાથે પ્રકાશભાઈ મનહરલાલ રૂપારેલીયા |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા પક્ષકાર-૧ | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૧ |
| રજૂઆત કરનાર | : **શ્રી બી.સી.રાઠોડ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., અને શ્રી ટી. જે. ગોસ્વામી અધીક્ષક હિસાબનીશ વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧** |

:: કોરમ ::

| | |
|---|---|
| **૧) ચેરપર્સન** | **- શ્રી એન.સી. મકવાણા** |
| **૨) સભ્ય (સ્વતંત્ર)** | **- શ્રીમતી નીતીનાબેન એચ. જોષી** |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૧૯.૦૧.૨૦૨૪ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૯.૦૧.૨૦૨૪ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર / ગેરહાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદારશ્રી જયેશભાઈ મનહરલાલ રૂપારેલીયાનુ ગ્રાહક નં.૮૭૨૦૧/૫૬૪૭૧/૪ થી આજી-૦૨** પેટાવિભાગીય કચેરી હેઠળ વર્ષ ૨૦૧૦ થી ૪૨ કી.વો.નું એલ.ટી.એમ.ડી. વીજજોડાણ ચાલુ છે. અને રેગ્યુલર વીજબીલ ભરપાઈ કરેલ છે.

૨.૧ પીજીવીસીએલ દ્વારા મુકાયેલ મીટરમાં ફોલ્ટ આવ્યો ત્યારે દિવાળીની રજાઓ તા.૦૮.૧૧.૨૦૨૩ બુધવાર થી તા.૧૯.૧૧.૨૦૨૩ રવિવાર સુધી કામકાજ સદંતર બંધ હતું.

૨.૨ ત્યારબાદ તા.૨૦.૧૧.૨૦૨૩ રોજ બીલ બનાવવા આવેલ ત્યારે મીટરની Display બંધ હતી, જેથી સરેરાશ બીલ આપેલ છે, જે ખુબજ વધારે છે. સદર વીજબીલના તા.૦૮.૧૧.૨૦૨૩ થી તા.૧૯.૧૧.૨૦૨૩ કુલ ૧૨ દિવસ રજા હતી, અને ૦૫ દિવસ વહેલું બીલ આવ્યું હતું તથા ૦૪ રવિવારની રજા હોય, એમ કુલ ૨૧ દિવસ સંપૂર્ણ રજા હતી. સદર સમયગાળામાં તમામ કામકાજ બંધ હતું.

૨.૩ પીજીવીસીએલ દ્વારા મીટરમાં ફોલ્ટના કારણે મીટર બદલાવેલ અને લેબોરેટરીમાં પણ મીટરનો એમ.આર.આઈ. અહેવાલ આવેલ નથી, તેમ છતાં પીજીવીસીએલ દ્વારા વધારે રકમનું બીલ આપેલ છે.

૨.૪ સદર વીજજોડાણ તેઓના પિતાશ્રીના નામનું છે, જે હાલ હયાત નથી, તેમના વારસદાર રૂપે અરજદાર સદર વીજજોડાણ માંથી વીજવપરાશ કરે છે. આમ અરજદારે પીજીવીસીએલ દ્વારા આપેલ બીલ રદ કરીને રીવાઈઝ બીલ કરવા અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી જયેશભાઈ મનહરલાલ રૂપારેલીયાની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર પત્ર નં-૧૭૧ તા.૧૫-૦૧-૨૦૨૪ થી જણાવે છે કે, અરજદારશ્રી તેઓના પિતાશ્રી મનહરલાલ રૂપારેલીયા નામે ગ્રાહક નંબરઃ-૮૭૨૦૧/૫૬૪૭૧/૪ થી ૪૨ કી.વો.નું LTMD કેટેગરીનું વીજજોડાણ ધરાવે છે.

3.૧ સદર ગ્રાહકને ત્યાં માહે નવેમ્બર-૨૦૨૩ના રીડીંગ માટે તા.૨૦.૧૧.૨૦૨૩ ના રોજ મીટર રીડીંગ દરમ્યાન મીટર ડિસ્પ્લે બંધ હોવાથી કંપનીના નિયમોનુસાર તેઓના બીલમાં નોંધાયેલ સરેરાશ વપરાશ '૭૯૯૦' યુનિટ મુજબ 'F' સ્ટેટ્સ સાથેનું બીલ આપેલ.

3.૨ ત્યારબાદ ગ્રાહકને પીજીવીસીએલ દ્વારા ચેકિંગ શીટ નંબર-૧૩૬૧૯૮ થી તા.૨૨.૧૧.૨૦૨૩ ના રોજ મીટર બદલવામાં આવેલ. જેનું લેબ-પરીક્ષણ પ્રફોર્મા નંબર-૧૦૬૩૯ તા.૧૯.૧૨.૨૦૨૩ ના રોજ ગ્રાહકશ્રીના પ્રતીનીધીની હાજરીમાં કરવામાં આવેલ, સદર લેબપરીક્ષણ દરમ્યાન મીટર ફોલ્ટી જાહેર થયેલ.

3.3 માહે ડીસેમ્બર-૨૦૨૩ ના રીડીંગ માટે તા.૨૦.૧૨.૨૦૨૩ ના રોજ સ્થળ પર મીટર બદલાયેલ હોવાથી બીલમાં નોંધાયેલ સરેરાશ વપરાશ '૭૯૯૦' કરતા કુલ વપરાશ યુનિટ ઓછા હોવાથી સરેરાશ વપરાશ '૭૯૯૦' મુજબ 'C' સ્ટેટ્સ સાથેનું બીલ આપેલ. જેમાં નોંધનીય છે કે, નવું મીટર '૫' રીડીંગ થી મુકેલ, જે '૩૪૦૩' તા.૨૦.૧૨.૨૦૨૩ ના રોજ રીડીંગ સીરીજ સુધી પહોચેલ હોય, આથી કંપનીના નિયમોનુસાર '૭૯૯૦' યુનીટનું બીલ આપેલ, જે નીચેની વિગતે જોઈ શકાય છે.

| માસ | રીડીંગ તારીખ | હાલનું રીડીંગ | પાછલું રીડીંગ | વપરાશ | સ્ટેટ્સ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ઓગ.-૨૦૨૩ | ૧૮-૦૮-૨૦૨૩ | ૪૭૪૮૫૯ | ૪૬૯૦૫૭ | ૫૮૦૨ | | |
| સપ્ટે.-૨૦૨૩ | ૨૨-૦૯-૨૦૨૩ | ૪૮૪૦૫૨ | ૪૭૪૮૫૯ | ૯૧૯૩ | | |
| ઓક્ટો.૨૦૨૩ | ૨૫-૧૦-૨૦૨૩ | ૪૯૩૦૨૫ | ૪૮૪૦૫૨ | ૮૯૭૩ | | |
| કુલ વપરાશ સરેરશ માટે પી.આર.ટી.-૧૪૫ મુજબ લીધેલ > | | | | ૨૩૯૬૮ | | |
| સરેરાશ વપરાશ ૨૩૯૬૮/૩ (બિલીંગ) =૭૯૮૯ | | | | ૭૯૮૯ | | |
| નવે.-૨૦૨૩ | ૨૦-૧૧-૨૦૨૩ | ૪૯૩૦૨૫ | ૪૯૩૦૨૫ | ૭૯૮૯ | F | |
| ડીસે.-૨૦૨૩ | ૨૦-૧૨-૨૦૨૩ | ૩૪૦૩ | ૫ | ૭૯૮૯ | C | મી.બ.તા.૨૨.૧૧.૨૦૨૩ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

- ગ્રાહક દ્વારા પેટા-વિભાગીય કચેરી આજી-૨માં માહે ડીસેમ્બર-૨૦૨૩ના બીલના યુનિટ અંગે તા.૨૦.૧૨.૨૦૨૩ (પેટા વિભાગીય કચેરી ઇનવર્ડ નં.૧૦ તા.૦૨.૦૧.૨૦૨૪) લેખિત રજૂઆત કરતા, સદર કેશના ડીસેમ્બર-૨૦૨૩ના બીલ અનુસંધાને પેટા-વિભાગ દ્વારા ફેર વિચારણા કરી, દિવસો મુજબ બીલ રીવાઈઝ કરેલ.

જેમાં જુના મીટરની સરેરાશ વપરાશ અનુસાર નવે.૨૦૨૩ નું બીલ બન્યા તા.૨૦.૧૧.૨૦૨૩ થી મીટર બદલ્યા તા.૨૨.૧૧.૨૦૨૩ મુજબ ૨-દિવસ ગણતરીમાં લેતા, ૭૯૮૯/૩૦=૨૬૬*૨=૫૩૨ યુનિટ આવેલ.

આ પછી નવા મીટરમાં ૩૪૦૩-૫=૩૩૯૮ યુનિટ તા.૨૦.૧૨.૨૦૨૩ના રોજ નોંધાયેલ. આમ, ૫૩૨+૩૩૯૮=૩૯૩૦ યુનિટનું રી-વાઈઝ બીલ બનેલ. જે ગ્રાહકશ્રી ને પેટા-વિભાગીય કચેરીના પત્ર નં.૬૫/૦૩.૦૧.૨૦૨૪ થી પાઠવેલ છે.

આમ, સદર વિજમીટરના બિલીંગમાં કંપનીના નિયમોનુસાર આજી-૨ પેટા-વિભાગીય કચેરીએથી કાર્યવાહી કરેલ છે.

૩.૪ સદર કેસની સુનાવણી દરમ્યાન વિવાદિત મીટરનો ડેટા મેળવવા માટે મીટર મેન્યુફેક્ચરિંગ કંપનીમાં મોકલવા સુચના આપવામાં આવેલ, જે અનુસંધાને સદર મીટરને તા.૧૯-૦૧-૨૦૨૪ ના રોજ કંપનીમાં મોકલાવેલ અને કંપનીના ઈમેઈલ તા.૩૧-૦૧-૨૦૨૪ મુજબ સદર વિવાદિત મીટર ફક્ત બિલીંગ ડેટા તા.૩૦-૦૯-૨૦૨૩ સુધીનો મળેલ છે. જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાવેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદારશ્રી જયેશભાઈ મનહરલાલ રૂપારેલીયાની લેખિત રજૂઆત મુજબ તેઓના પિતાશ્રીના નામે એલ.ટી.એમ.ડી. ટેરીફનું ૪૨ કીવોનું વીજજોડાણ ગ્રાહક નં - ૮૭૨૦૧/૫૬૪૭૧/૪ થી આજી-૨ પેટાવિભાગીય કચેરી રાજકોટ હેઠળ ધરાવે છે.

૪.૨ અરજદારના સદર વિજજોડાણમાં માહે નવેમ્બર-૨૦૨૩ ના બિલિંગ દરમ્યાન મીટરમાં રીડિંગ દેખાતા ન હોવાથી તા.૨૦.૧૧.૨૦૨૩ ના રોજ મીટર રીડર દ્વારા ફોલ્ટી મીટરનુ ૭૯૯૦ યુનિટનું એવરેજ બિલ આપવામાં આવેલ.

૪.૩ ત્યારબાદ અરજદારનું સદર મીટર તા.૨૨.૧૧.૨૦૨૩ ના રોજ ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં બદલાવેલ જેની વિગત નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

| Particulars | Old Meter Dt.22.11.2023 | New Meter Dt.22.11.2023 | Old Meter-As per MT Lab Dt.26.06.2023 |
|---|---|---|---|
| Make | AVON | GENUS | AVON |
| Meter No | PG183567 | PG177814 | PG183567 |
| Capacity | 100 * 5 AMP | 100 * 5 AMP | 100 * 5 AMP |
| C. Reading | F | 1 | FAULTY |
| Remarks | Old meter replace with MMB, connected load 31.390 KW, | | |

અરજદારનું સદર મીટરનું લેબ-પરીક્ષણ અહેવાલ નંબર-૧૦૬૩૯ તા.૧૯.૧૨.૨૦૨૩ ના રોજ ગ્રાહકશ્રીના પ્રતીનીધીની હાજરીમાં કરવામાં આવેલ, તે મુજબ મીટરના ટર્મિનલ બ્લોકમાં ત્રણેય પીટી અને ત્રણેય સીટીનું વાયરીંગ બરાબર લાગેલ છે, કન્ટીન્યુટી બરાબર છે. સીટી રેસીઓ ૧૦૦/૫ છે. ત્રણેય સીટી બરાબર છે. સદર લેબપરીક્ષણ દરમ્યાન મીટર ફોલ્ટી જાહેર થયેલ. મીટરનું ટેસ્ટીંગ કરતા તેનો ડિસ્પ્લે બંધ છે. પુશ બટનથી બેટરી મોડ મુજબ રીડીંગ ૪૯૪૬૫૬ KWh આવેલ છે, ૩૪૧૩૨૨ Kvarh, BMD = 41.92 KW, CMD 2876.54 KW મળેલ છે, MRI આવેલ નથી.

૪.૩ અરજદારના સદર વીજજોડાણ ગ્રાહક નં. ૮૭૨૦૧/૫૬૪૭૧/૪ માં છેલ્લા ૦૪ વર્ષમાં પી.આર.ટી.-૧૪૫ મુજબ વીજવપરાશની વિગંત નીચે મુજબ છે.

| Billing Detail | 2020 | | | 2021 | | | 2022 | | | 2023 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | CR | S | U | CR | S | U | CR | S | U | DATE | CR | S | U |
| JAN | 178060 | | 2819 | 243525 | | 7308 | 333818 | | 8198 | 20-01-23 | 431058 | | 5396 |
| FEB | 179961 | | 1901 | 250349 | | 6824 | 340897 | | 7079 | 23-02-23 | 436852 | | 5794 |
| MAR | 181681 | | 1720 | 259911 | | 9562 | 348891 | | 7994 | 18-03-23 | 440734 | | 3882 |
| APR | 181859 | N | 178 | 259911 | L | 7900 | 355907 | | 7016 | 21-04-23 | 448180 | | 7446 |
| MAY | | | | 259911 | L | 7900 | 362135 | | 6228 | 22-05-23 | 455889 | | 7709 |
| JUN | 187609 | | 5750 | 272536 | | 12625 | 372909 | | 10774 | 20-06-23 | 462347 | | 6458 |
| JUL | 196376 | | 8767 | 279701 | | 7165 | 382882 | | 9973 | 20-07-23 | 469057 | | 6710 |
| AUG | 203981 | | 7605 | 286085 | | 6384 | 390481 | | 7599 | 18-08-23 | 474859 | | 5802 |
| SEP | 213384 | | 9403 | 295462 | | 9377 | 399184 | | 8703 | 22-09-23 | 484052 | | 9193 |
| OCT | 220200 | | 6816 | 305641 | | 10179 | 405735 | | 6551 | 25-10-23 | 493025 | | 8973 |
| NOV | 228894 | | 8694 | 317027 | | 11386 | 416474 | | 10739 | 20-11-23 | 493025 | F | 7990 |
| DEC | 236217 | | 7323 | 325620 | | 8593 | 425662 | | 9188 | 04-01-24 | 3403 | C | 7990 |
| Note : | CR = Current Reading, S = Meter Status, U = Consumed Unit, F= Faulty, C = Meter Change, L= Lock, N=Not Reachable | | | | | | | | | | | | |

૪.૪ નામદાર GERC ના ધારાધોરણ—એટલેકે નોટીફીકેશન નંબર : ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ માં કરાયેલ જોગવાઈ મુજબ "....ખામીયુક્ત મીટર જણાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ૦૩ બીલિંગ અવધીના સરેરાશ વીજવપરાશના બીલો ના આધારે ગ્રાહકને બિલ આપવું, પુરતી વિગતો પ્રાપ્ય ન હોય તો તે પછીની મુદતના બે/ત્રણ બિલની અવધી દરમ્યાન સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઇ શકાય આ ખર્ચ અધિકતમ માત્ર ૦૩ ત્રણ બિલિંગ અવધી માટે વસુલવાપાત્ર થશે પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સંબંધિત મકાનની કાર્યકારી અને/અથવા કબજાની સ્થિતિ અંગે ગ્રાહકે કોઈ પુરાવો આપ્યો હોય, કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે."

૪.૫ અરજદારને માહે ઓક્ટોબર-૨૦૨૩ નું વીજબીલ તા.૨૫.૧૦.૨૦૨૩ ના રોજ મીટરમાં નોંધાયેલ રીડીંગ ૮૯૭૩ (૪૯૩૦૨૫-૪૮૪૦૫૨) યુનીટનુ વીજબીલ અપાયેલ છે.

તા.૨૦.૧૧.૨૦૨૩ ના રોજ માહે નવેમ્બર-૨૦૨૩ નું વીજબીલ મીટરના રીડીંગ અવાચ્ય હોવાથી ફોલ્ટીનું સરેરાશ વપરાશ ૭૯૯૦ યુનીટનું અપાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

તા.૦૪-૦૧-૨૦૨૪ ના રોજ માહે ડિસેમ્બર-૨૦૨૩ નું વીજબીલ ૭૯૯૦ યુનીટનું મીટર ચેન્જ સ્થિતિમાં અપાયેલ છે.

૪.૬ અરજદારની વીજબીલ બાબતેની રજૂઆત તા.૦૨.૦૧.૨૦૨૪ અન્વયે માહે નવેમ્બર-૨૦૨૩ નું ફોલ્ટી વીજબીલ અને માહે ડિસેમ્બર-૨૦૨૩ નું વીજબીલ મીટર ચેન્જ સ્થિતિમાં અપાયેલ હતુ, જે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નીચે મુજબ રીવાઈઝ કરાયેલ છે.

માહે નવેમ્બર-૨૦૨૩ નું રીવાઈઝ બીલ તા.૦૩-૦૧-૨૦૨૪ કુલ યુનીટ ૬૯૧૬, રૂ.૬૫૦૧૭=૯૨ તેમજ માહે ડિસેમ્બર-૨૦૨૩ નું રીવાઈઝ બીલ તા.૦૩-૦૧-૨૦૨૪ કુલ યુનીટ ૩૯૩૦ યુનીટ, રૂ.૪૦૬૧૮.૯૩ નું અપાયેલ છે.

| વિગત | અગાઉ અપાયેલ બીલ | રીવાઈઝ બીલ | અગાઉ અપાયેલ બીલ | રીવાઈઝ બીલ |
|---|---|---|---|---|
| બિલીંગ માસ | નવેમ્બર-૨૩ | નવેમ્બર-૨૩ | ડિસેમ્બર- ૨૩ | ડિસેમ્બર- ૨૩ |
| બીલ તારીખ | ૨૦-૧૧-૨૩ | ૦૩-૦૧-૨૪ | ૨૦-૧૨-૨૩ | ૦૪-૦૧-૨૪ |
| બીલ યુનીટ | ૭૯૯૦ | ૬૯૧૬ | ૭૯૯૦ | ૩૯૩૦ યુનીટ |
| બીલની રકમ | ૭૪૧૧૬=૪૬ | ૬૫૦૧૭=૯૨ | ૭૬૧૨૩=૬૩ | ૪૦૬૧૮=૯૩ |

૪.૭ સદર કેસની સુનાવણી દરમ્યાન મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં વિવાદિત મીટર ફોલ્ટી નોંધાયેલ છે, જે અનુસંધાને ફરી એક વખત વિવાદિત મીટરના ડેટા મેળવવા માટે મીટર મેન્યુફેક્ચરિંગ કંપનીમાં મોકલવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવેલ, જેથી મુદ્દા નં ૩.૪ મુજબ મોકલાવેલ અને કંપનીનો ઈમેઈલ તા.૩૧-૦૧-૨૦૨૪ મુજબ સદર વિવાદિત મીટર ફક્ત બિલીંગ ડેટા મળેલ છે, તે મુજબ તા.30-0૯-૨૦૨૩ સુધીનો ડેટા મળેલ છે.

૪.૮ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા અરજદારનું વિવાદિત મીટર તા.૨૨-૧૧-૨૦૨૩ ના રોજ બદલાવેલ જેનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૯-૧૨-૨૦૨૩ ના રોજ ચકાસણી કરતા રીપોર્ટમાં કરાયેલ નોંધ મુજબ મીટર "F" એટલેકે ફોલ્ટી માલુમ પડેલ છે, તેમજ મુદ્દા નં -૪.૭ મુજબ કંપનીના રીપોર્ટ મુજબ મીટરનો ડેટા તા.30-0૯-૨૦૨૩ સુધી જ મળેલ છે, આ સંજોગોમા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબ રીવાઈઝ કરેલ છે, પરંત માહે ડિસેમ્બર-૨૦૨૩ ના રીવાઈઝ બીલમાં નવા મીટરના શરૂઆતના રીડીંગ ૦૧ ને બદલે ૦૫ ગણીને બીલ અપાયેલ છે, જે નીચે મુજબ બીલ સુધારવું.

| બિલીંગ માસ | સમયગાળો | દિવસો | સરેરાશ વીજવપરાશ પ્રતિ દિવસ | કુલ વીજવપરાશી યુનિટ |
|---|---|---|---|---|
| નવમ્બર-૨૦૨૩ | તા.૨૫-૧૦-૨૦૨૩ થી તા.૨૦-૧૧-૨૦૨૩ | ૨૬ | ૨૬૬ (૭૯૯૦/30) | ૬૯૧૬ |
| ડિસેમ્બર-૨૦૨૩ | તા.૨૦-૧૧-૨૦૨૩ થી તા.૨૨-૧૧-૨૦૨૩ | ૨ | ૨૬૬ | ૫૩૨ |
| | તા.૨૨-૧૧-૨૦૨૩ થી તા.૦૪-૦૧-૨૦૨૪ | | નવા મીટરનો વીજ વપરાશ પર્ફોમા-૧૫ મુજબ (૩૪૦૩ હાલના રીડીંગ – ૦૧ શરૂઆતના રીડીંગ) | ૩૪૦૨ |
| | ડિસેમ્બર-૨૦૨૩ ના કુલ યુનીટ | | | ૩૯૩૪ |

૪.૮ આમ, અરજદારની રજૂઆત કે દિવાળીની રજાઓ તા.૦૮-૧૧-૨૩ થી તા.૧૯-૧૧-૨૩ સુધી કામકાજ બંધ હોવાથી સદર બાબતોને ધ્યાનમાં લઇને માહે નવેમ્બર-૨૦૨૩ નું વીજબીલ સુધારી આપવાની રજૂઆત આધાર-પુરાવાના અભાવે ગ્રાહ્ય રાખી શકાય નહિ. આમ, મીટર ટેસ્ટીંગ લેબોરેટરીના રીપોર્ટ મુજબ વીજબીલ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબના રીવાઈઝ બીલ બનાવી દિવસ-૦૭ માં અત્રેના ફોરમની જાણકારી હેઠળ અરજદારને પાઠવવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય. તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.